# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-12-2024 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-અમિત શાહ-ગુજરાત:

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બે દિવસની રાજ્યની મુલાકાતે છે.. શ્રી શાહ વલસાડ જીલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશનના વાર્ષિક ઉત્સવની પુર્ણાહુતીના મહામસ્તકભિષેક સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા... અમિત શાહ બપોરે અમદાવાદથી ધરમપુર પહોંચ્યા હતા.. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સાથે કાર્યક્રમમાં રાજયના નાણા અને ઉર્જામંત્રી કનુ દેસાઇ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યાં હતા.

-----------------------------------------------------------------------------------------

## નવા વર્ષની ઉજવણી પોલીસ ચેકીંગ:

કચ્છ જિલ્લામાં થર્ટી ફસ્ટ ડિસેમ્બરે રાત્રે યોજાનાર પાર્ટીને ધ્યાનમાં રાખીને બોર્ડર રેન્જના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને પુર્વ અને પશ્ચિમ કચ્છના પોલિસ અધિક્ષક સાગર બાગમાર અને વિકાસ સુંડાએ જીલ્લામાં મોટી માત્રામાં નશીલા પ્રદાર્થોની હેરાફેરી થતી હોવાના અનુસંધાને ગઈરાતથી કચ્છમાં ઠેર-ઠેર વાહનોની તલાશી અને બ્રેથ એનેલાઈઝરનો ઉપયોગ કરી તલાશી અભિયાન હાથ ધરાયુ છે.

ઉપરાંત હોટલ, પાર્ટી પ્લોટ તથા ફાર્મ હાઉસના માલિકો સાથે મીટીંગ કરી તકેદારી રાખવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ઉજવણી સ્થળે મહિલા પોલીસ સાદા ડ્રેસમાં ફરજમાં તૈનાત રહેશે.જીલ્લા પોલીસની એક અખબારી યાદી મુજબ આ ઉજવણી દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરકાયદે પ્રવૃતિ જણાય તો નજીકના પોલીસ મથકે અથવા 100 નંબર ઉપર સંપર્ક કરવા નાગરિકોને અનુરોધ કરાયો છે.

-----------------------------------------------------------------------------------------

## જીલ્લા કક્ષા- પશુ શિબિર:

જીલ્લા પંચાયત કચ્છ અને પશુદવાખાના માંડવી દ્વારા ગઈકાલે  તા.૨૯ ડીસેમબર રવિવારના રોજ મોમાયમોરા, તા.માંડવી ખાતે જીલ્લા કક્ષા પશુપાલન શિબિરનું આયોજન કરવામા આવ્યું હતુ. આ શિબિરમાં માંડવી,ભુજ, અબડાસા, લખપત, નખત્રાણા તાલુકાનાં કુલ મળીને ૫૫૦ થી વધારે પશુપાલક ભાઈ બહેનોએ ભાગ લીધેલ હતો. શિબિરમાં વિવિધ વિષય નિષ્ણાતો દ્વારા પશુ સંવર્ધન, પશુપોષણ, પશુ આરોગ્ય, પશુ માવજત તેમજ સરકારની વ્યક્તિલક્ષી સહાયની યોજનાઓ બાબતે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## અબડાસા- પશુ દુધ ક્ષમતા:

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી કડકડતી ઠંડીનો દોર યથાવત રહેવા પામ્યો છે ત્યારે તેની સીધી અસર ગ્રામ્ય જનજીવન, માલધારીઓ અને પશુઓ પર અસર પડી રહી છે.

ઠારના કારણે પશુઓમાં દૂધ આપવાની ક્ષમતા ઘટી હોવાનું જાણવા મળ્યું છે. અબડાસા તાલુકામાં દૈનિક 1 લાખ લીટર દૂધનું કલેક્શન થતું હતું ત્યાં હવે 7 હજાર લીટરનો ઘટાડો થયો હોવાની માહિતી મળી રહી છે.  ઠંડીમાં ઘટાડો થતાં જ ફરી પાછું દૂધમાં વધારો થશે તેમ માલધારી વર્ગ જણાવી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ-ફ્લડલાઈટ ફૂટબોલ:

ગાંધીધામમાં ગુજરાતની પ્રથમ ફ્લડલાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટ નો પ્રારંભ થઈ ગયો છે જેમાં 22 ટીમો ભાગ લઈ રહી છે. રમતગમત સંકુલ ખાતે આયોજિત ગાંધીધામ ચેમ્પિયન્સ લીગને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા માન્યતા આપવામાં આવી છે.

આ સ્પર્ધામાં અલગ અલગ શાળાઓના પ્રતિભાશાળી યુવા ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. આ ટુર્નામેન્ટમાં ગઈકાલે આઠ મેચ રમાઈ હતી, જેમાં ત્રણ મેચ ડ્રો થઈ હતી.

---

## કચ્છ-ઠંડી:

વિદાય લઈ રહેલા અંગ્રેજી વર્ષના અંતિમ દિવસોમાં ઉત્તર ભારતમાં થયેલ બરફ વર્ષાના પગલે કચ્છમાં કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે.ઠંખીલા વાયરાના પ્રભાવથી દિવસભર વાતાવરણ ઠંડુગાર બની રહેતા દિવસે પણ લોકોને ગરમ કપડા પહેરવાની ફરજ પડી હતી. પશ્ચિમ કચ્છના રણકાંધીના વિસ્તારો અબડાસા, નખત્રાણા, લખપતના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રી દરમ્યાન હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. લોકો રાત્રે તાપણા કરી ઠંડીથી રાહત મેળવી રહ્યા છે. રાજયના સૌથી શીત મથક નલિયામાં આજે લઘુત્ત તાપમાન 6.5 ડિગ્રી, જીલ્લા મથક ભુજનું 10.8 ડિગ્રી અને કંડલાનું લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી નોંધાયુ હતું.

---

## કચ્છ-પ્રવાસીઓનો ધસારો

અંગ્રેજી નવા વર્ષને આડે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે, ત્યારે કચ્છમાં નવા વર્ષની આગમની ઉજવણીને લઈને ધોરડો-સફેદ રણ,ધોળાવીરા,માંડવી બિચ સહિના પ્રવાસન સ્થળો પ્રવાસીઓથી ધમધમી રહ્યાં છે.

કચ્છને મળેલી નવી પ્રવાસન ભેટ સમાન રોડ ટુ હેવનનો નજારો નિહાળવા ભારે ભીડ જોવા મળી રહી છે. તો સુર્યોદય અને સુર્યાસ્ત સમયે રોડ ટુ હેવન પર ફોટોગ્રાફી અને વિડીયો શુટ કરતા પ્રવાસીઓ કચ્છના પ્રાકૃતિક સૌદર્યથી અભિભુત થઈ ઉઠ્યા હતા.

---

## ભારતીય વાયુસેના-અગ્નિવીર ભરતી

ભારતીય વાયુ સેના (એરફોર્સ)માં અગ્નિવીરમાં ભરતી માટે ઈચ્છુક અપરણિત પુરૂષ અને મહિલા ઉમેદવારોએ આગામી 7 મી થી 27મી જાન્યુઆરી દરમ્યાન અધિકૃત વેબસાઈ પરથી ઓનલાઈન રજીસ્ટ્રેન તેમજ ભરતી અંગેના વિસ્તૃત નિયમોની જાણકારી મેળવી શકશે.

---